डॉ.सुरेखा के. पटेल
संस्कृत विभाग
जी.डी.मोदी आर्टस् कोलेज
पालनपुर. (B.K.Dist., N.Guj.)

# કલિકાસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય વિરચિત '(લઘુ) અર્હન્નીતિ' માં 'દાયભાગ' વિચાર

આચાર્ય **'હેમચન્દ્રસૂરિ'** માત્ર જૈન જગતમાં જ નહિ, પરંતુ સમગ્ર, ભારતીય સાહિત્ય જગતમાં એક અત્યંત પૂજનીય નામ છે. તેમણે રચેલ વિપુલ સાહિત્ય અને વિષય વૈવિધ્યને કારણે તેઓ **'કલિકાલસર્વજ્ઞ'** તરીકે સુપ્રસિદ્ધ છે. હેમચન્દ્રાચાર્ય ગુજરાતના અગ્રગણ્ય જ્યોતિર્ધર અને યુગકર્તા મહાપુરુષ હતા. તેઓ અજોડ સાહિત્યસૃષ્ટા, અનુપમ યુગદૃષ્ટા, કુશળ રાજનીતિજ્ઞ, સમર્થ શાસનસ્વામી હતા. **'હેમચન્દ્ર'** એટલે સર્વતોમુખી પરિણતપ્રજ્ઞા, સાંગોપાંગ સંપૂર્ણ અભ્યાસ, રસભરી સર્વોત્કૃષ્ટ સર્જકતા, વિધાના મહાસાગર, જીવંત જ્ઞાનકોશ. કલિકાલસર્વજ્ઞ ક્ષિતિજના ઓવારે પ્રગટેલાં સહસ્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો જેમ એક સાથે જન અને વન, માનવ અને મકાન એમ સર્વેને અજવાળે છે તે જ રીતે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના વિરાટ પ્રતિભાપુંજમાંથી પ્રગટતી તેજ સરવાણીએ સમકાલીન પ્રજાજીવનનાં સર્વ અંગોને પ્રકાશિત કર્યાં છે. આચાર્ય મમ્મટ વાગ્દેવતાના અવતાર મનાયા તો અણહિલપુર પાટણના ચૌલુક્ય રાજવી સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળના આદર-કૃપા પ્રાપ્ત આચાર્ય હેમચન્દ્ર (વિ.સં.૧૧૪૫-૧૨૨૯) રાજશેખરની કલ્પનાના **'કાવ્યપુરુષ'** નું મૂર્ત સ્વરૂપ છે. સાક્ષાત સરસ્વતીનું સર્જન છે. સાહિત્યવધૂ સ્વયં તેમને વરી છે. ગુજરાતની પ્રજામાં અહિંસાનાં બીજ વાવી ગુજરાતની ધરતીને હીરસૂરિ અને ગાંધીજી જેવા અહિંસાના સાચા પૂજારીઓને પકવ્યા. સમગ્ર જગત આ વિભૂતિનું ઋણી રહેશે.

**'પ્રભાવક ચરિત્ર'** પ્રાચીન ગ્રંથમાંથી આચાર્યશ્રીના પૂર્વજીવન અંગેની માહિતી સત્તાવાર મળે છે તે મુજબ તેઓશ્રીનો જન્મ વિ.સં.૧૧૪૫ના કાર્તિક સુદ પૂર્ણિમાના શુભ દિને ધંધુકામાં મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. પિતાનું નામ **'ચાચિગ'**અને માતાનું નામ **'પાહિણી'** હતું. હેમચન્દ્રનું સંસારી નામ **'ચાંગદેવ'** હતું. વિ.સં.૧૧૫૦માં ચંગદેવને ખંભાત મુકામે જૈન સાધુ તરીકેની દીક્ષા આપી અને નવદીક્ષિત ચંગદેવનું નામ **'સોમચન્દ્ર'** રાખવામાં આવ્યું. આ બાળમુનિ સોમચન્દ્રનો ઉગ્ર સંયમ, ભારે ઈન્દ્રિય નિગ્રહ, કઠોર તપ, ચિત્તની સ્થિરતા જોઈ ગુરુશ્રી દેવચંદ્રસૂરિજીએ બાળમુનિની યોગ્યતા જોઈ વિ.સં. ૧૧૬૬માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે **'આચાર્ય'** પદ આપ્યું. આ બાળક હવે **'હેમચન્દ્ર'** નામથી ઓળખાવા લાગ્યા. હેમચન્દ્રાચાર્યનાં જીવનનાં વિવિધ પાસાં જોતાં ફલિત થાય છે કે ગુજરાતના ઈતિહાસમાં તેમનું માન અને સ્થાન અતિ ઉચ્ચ કક્ષાનું હતું. તેમનો સ્વર્ગવાસ વિ.સં.૧૨૨૯માં થયો.

હેમચન્દ્રસૂરિની કાવ્યસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ અને વિસ્મયજનક છે. તેમની કુશાગ્ર કલમે કોઈપણ વિષય ખેડાયા વિનાનો રહ્યો નથી. તેમની સર્વગ્રાહી બુદ્ધિશક્તિ, વ્યાકરણ,છંદ, અલંકાર, કોશ, પુરાણ, સાહિત્ય, ઈતિહાસ, યોગ, સ્તુતિ, સ્તોત્ર અને પ્રમાણશાસ્ત્ર આદિ વિવિધ વિષયોમાં ફરી વળી છે. વિપુલ સાહિત્યનું સર્જન કરીને પાટણ નગરીને, ગૂર્જરભૂમિને જ્ઞાન-સંસ્કારથી સમૃદ્ધ કરી છે. આમ, એકંદરે ૨,૦૪,૬૫૬ શ્લોકોનું સાહિત્ય આજે પણ મળી આવે છે. એક જનશ્રુતિ અનુસાર તેઓએ સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી છે. કોઈપણ ગ્રંથકર્તા માટે આ સંખ્યા વિશ્વવિક્રમ જેટલી વિશાળ ગણાય. હજાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. આટલું

*વિપુલ. સાહિત્ય નિર્માણ કરવાનું સદ્ભાગ્ય અન્ય કોઈ લેખકને સોંપડયું નથી. સંખ્યાની દષ્ટિએ તો વિક્રમ જ ગણાય અને વિષયનું વૈવિધ્ય પણ આશ્ચર્ય પમાડે તેવું છે. દુનિયાના સાહિત્યકારોમાં હેમચન્દ્રાચાર્યનું સ્થાન અદ્વિતીય છે. સોક્રેટીસ, એરિસ્ટોટલ, પ્લેટો, કન્ફ્યુસીયસ જેવા મહાન જ્ઞાનીઓની હરોળમાં મૂકી શકાય તેવા હેમચન્દ્રસૂરિએ જે જ્ઞાનગ્રંથો રચ્યા તેની યાદી નીચે મુજબ છે.*

**• વ્યાકરણ અને તેનાં અંગો વિષયક ગ્રંથો :**

*૧. સિદ્ધહેમ-લઘુવૃત્તિ*

*૨. સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ (તત્ત્વ પ્રકાશિકા)*

*૩. સિદ્ધહેમ-બૃહન્યાસ (શબ્દમહાર્ણવન્યાસ) અપૂર્ણ*

*૪. સિધ્ધહેમ-પ્રાકૃતવૃત્તિ*

*૫. લિંગાનુશાસન (સટીક)*

*૬. ઉણાદિગણ વિવરણ*

*૭. ધાતુપારાયણ વિવરણ*

**• કોશગ્રંથો :**

*૮. અભિધાન ચિંતામણિ - સ્વોપજ્ઞ ટીકા સહિત*

*૯. અભિધાન ચિંતામણિ - પરિશિષ્ટ*

*૧૦. અનેકાર્થકોશ*

*૧૧. નિઘણ્ટુ શેષ (વનસ્પતિ વિષયક)*

*૧૨. દેશીનામમાલા (સ્વોપજ્ઞ ટીકાસહિત)*

**• સાહિત્ય અને અલંકાર ગ્રંથો :**

*૧૩. કાવ્યાનુશાસન (સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ અને વિવેકવૃત્તિ સહિત)*

**• કોશગ્રંથો :**

*૧૪. છંદોનુશાસન (છન્દ ચૂડામણિ ટીકાસહિત)*

**• દર્શનગ્રંથો :**

*૧૫. પ્રમાણમીમાંસા (સ્વોપજ્ઞવૃત્તિ સહિત) (અપૂર્ણ)*

*૧૬. વેદાંકુંજ (દ્વિજવદનચપેટા)*

**• ઈતિહાસ કાવ્ય - વ્યાકરણગ્રંથો :**

*૧૭. સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય*

*૧૮. પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (ઉર્ફે કુમારપાળ ચરિત)*

*૧૯. ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત (મહાકાવ્ય-દશપર્વ)*

*૨૦. પરિશિષ્ટ પર્વ*

**• યોગ વિષયક ગ્રંથ :**

*૨૧. યોગશાસ્ત્ર (સ્વોપજ્ઞટીકા સહિત)*

**• સ્તુતિ - સ્તોત્રગ્રન્થ :**

*૨૨. વીતરાગ સ્તોત્ર (પદ્ય)*

*૨૩. મહાદેવ સ્તોત્ર*

*૨૪. અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)*

*૨૫. અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)*

• **નીતિશાસ્ત્ર ગ્રંથ :**

*૨૬. અર્હન્નીતિ*

*શ્રી હેમચન્દ્રાચાર્યે તેમના સમયમાં પ્રવર્તિત તમામ વિદ્યાશાખામાં આધારભૂત ગ્રંથો લખેલા છે. તેજ રીતે આ લઘુ* **'અર્હન્નીતિ'** *ગ્રંથ પણ લખ્યો છે. ઉપરોક્ત બધા ગ્રંથો ઉપર ઘણું બધું લખાયું છે. અનુવાદો થયા છે. પરંતુ* **'(લઘુ) અર્હન્નીતિ'** *ગ્રંથ ઉપર ઘણું જ ઓછું કામ થયું છે. પરિણામે, આ ગ્રંથ અલ્પપરિચિત રહેવા પામ્યો છે.*

**'(લઘુ) અર્હન્નીતિ'** *નામ ઉપરથી જ બૃહદ્ અર્હન્નીતિ ગ્રંથ હોવાની સંભાવના જણાય છે. આચાર્યશ્રીએ જેમ 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન' વ્યાકરણના ગ્રંથ ઉપર બૃહદ્ વૃત્તિની રચના કરી અને સાથે સાથે લઘુવૃત્તિ અને મધ્યમવૃત્તિ પણ રચી છે, તે જ રીતે અહીં પણ* **'(લઘુ) અર્હન્નીતિ'** *અને* **'બૃહદ્દર્હન્નીતિ'** *એવા બે ગ્રંથો રચ્યા હોવાની સંભાવના છે. વર્તમાનકાળે 'બૃહદ્દર્હન્નીતિ' ઉપલબ્ધ નથી. પરંતુ,* **'(લઘુ) અર્હન્નીતિ'** *માં અનેક સ્થળે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચાર્યશ્રીએ* **'કુમારપાળના આગ્રહથી પૂર્વે રચાયેલા 'બૃહદર્હન્નીતિ' શાસ્ત્રમાંથી કંઈક સાર લઈને રાજા તથા પ્રજાઓના હિત માટે શીઘ્ર સ્મરણમાં રખાય તેવું અને સહેલાઈથી સમજી શકાય તેવું આ '(લઘુ) અર્હન્નીતિ' નામે સત્શાસ્ત્રની રચના કરું છું.'** *તેવું કહ્યું છે.*[1] *લઘુ* **'અર્હન્નીતિ'** *નો મૂળ* **'બૃહદર્હન્નીતિ'** *ગ્રંથ (પ્રાકૃત, માગધી) માં રચાયેલો ગ્રંથ હશે. તેના ઘણા શ્લોકો* **'(લઘુ) અર્હન્નીતિ'** *માં ટાંકવામાં આવ્યા છે.*[2] *તે પરથી તેમજ દરેક પ્રકરણના અંતે પુષ્પિકામાં* **'વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ 'બૃહદર્હન્નીતિ'** *નામનો ગ્રંથ જોઈ લેવો'*[3] *તેવી ભલામણ કરવામાં આવી. તેથી સાબિત થાય છે કે આ* **'(લઘુ) અર્હન્નીતિ'** *ગ્રંથ એ* **'બૃહદર્હન્નીતિ'** *ગ્રંથની લઘુ આવૃત્તિ હોવી જોઈએ. કેટલાક વિવેચકો અને ઈતિહાસકારોને* **'(લઘુ) અર્હન્નીતિ'** *ના ગ્રંથકર્તૃત્વ વિશે શંકા છે. આ ગ્રંથને તેઓ અન્યકર્તુક હોવાનું જણાવે છે. તેઓના મતે કોઈક બ્રાહ્મણ, જે જૈન પંરપરાથી પૂરેપૂરો રંગાયેલો હોય અને આચાર્ય હેમચન્દ્રના નામે આ ગ્રંથ ચઢાવી દીધો હોય. મુખ્ય દલીલ એવી છે કે આ ગ્રંથ* **'રાજનીતિ'** *નો હોવાનું જણાય છે.* **'રાજનીતિ'** *એ જૈનાચાર્યને વર્જ્ય હોવા છતાં સમષ્ટિના કલ્યાણ અર્થે વિશિષ્ટ પ્રસંગે આવા ગ્રંથોની રચનાના પ્રસંગો જૈન ધર્મમાં ઉપલબ્ધ થાય છે. આ ગ્રંથના પ્રારંભે જણાવ્યું છે તેમ કુમારપાળ રાજાની વિનંતીને ધ્યાનમાં રાખી આ ગ્રંથ રચાયો છે.***'યોગશાસ્ત્ર'** *વગેરે ગ્રંથોની પણ કુમારપાળની વિનંતીથી રચના કરી છે. કેટલાક શ્લોકોમાં* **'બ્પત્ક્કટક્ત્રઋક્શ્વ'** *શબ્દનો પ્રયોગ જૈન આગમ સંબંધી સાક્ષી પૂરે છે. આ ગ્રંથનો ચતુર્થ અધિકાર* **'પ્રાયશ્ચિત'** *પ્રકરણ પણ કર્તાનું જૈન (ધર્મ) સંબંધી ઉંડું જ્ઞાન દર્શાવે છે.*

**'(લઘુ) અર્હન્નીતિ' પરિચય :**

*નીતિ શબ્દ* **'णीञ् प्रापणे'** *ધાતુથી* **'स्त्रियां क्तिन्'** *પ્રત્યય દ્વારા નિષ્પન્ન થાય છે. જેના દ્વારા પ્રજાને સદાચારમાં લાવી શકાય છે અને કુમાર્ગેથી હટાવી સારા માર્ગે લાવી શકાય છે, તેનું નામ* **'નીતિ'** *છે. નીતિશાસ્ત્ર* **'ધર્મ'** *નો પર્યાયવાચી શબ્દ છે.*

*લોકો પરસ્પરના વ્યવહારમાં એકબીજા સાથે એવી રીતે વર્તે કે તેથી પોતાનું હિત સાધી શકે અને સામા મનુષ્યને નુકશાન ન થાય તેવી રીતને બતાવનારો* **'અર્હદ'** *ભગવાને પ્રરૂપેલો આ* **'(લઘુ) અર્હન્નીતિ'** *નામનો લઘુગ્રંથ કુમારપાળના સમયમાં સંવત ૧૨૦૦ માં રચાયો છે. સંસ્કૃત ભાષામાં રચાયેલો આ ગ્રંથ કુલ 'ચાર અધિકારો'માં વિભક્ત છે અને જેમાં* **'૯૦૦ કે ૯૧૮'** *શ્લોકો છે. ગ્રંથકાર પ્રથમ અધિકારમાં મંગલાચરણથી આરંભ કરે છે. સૌ પ્રથમ તીર્થંકર વૃષભદેવને નમસ્કાર કરી, ભગવાન મહાવીર સ્વામીના ૧૪૫૨ જેટલા ગણધરોને વંદે છે અને મંગલાચરણના છેલ્લા શ્લોકોમાં વિનમ્રભાવે કહે છે –* **'સદ્ગુરુ શાસ્ત્ર અને સરસ્વતીને હું**

**વારેવારે નમું છું. કારણ કે તેમની કૃપાથી જ મારામાં જ્ઞાન ઉદય પામ્યું છે અને વિસ્તાર પામ્યું છે.'** *(લઘુ અર્હન્નીતિ : ૧/૪-૫)*

**'અર્હન્નીતિ'** *ની ઉત્પત્તિ અંગેની એક સુંદર કથાનું વર્ણન* **'અર્હન્નીતિ'** *ના પ્રારંભે કરવામાં આવ્યું છે. ચરમતીર્થ મહાવીર સ્વામી ભગવાનને શ્રેણિકે પ્રશ્ન પૂછયો હતો કે* **'રાજનીતિ'** *કોણે પ્રર્વતાવી ? તેના ભેદ અને સ્વરૂપ શું ? આના પ્રત્યુત્તર રૂપે પરમાત્મા મહાવીર જણાવે છે કે પ્રથમ તીર્થંકર ઋષભદેવે, જ્યારે કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટવા લાગ્યો અને કલિકાળનો પ્રારંભ થયો ત્યારે વિધિસહિત વર્ણ તથા આશ્રમ એવા બે ભેદ પાડયા. ખેતી, વ્યાપાર, શિલ્પાદિક કલાઓ, વ્યવહારવિધિ, રાજાઓની નીતિ, પુર-નગરોની વ્યવસ્થા, લોક-પરલોકની સઘળી વિધિઓ તેમણે પ્રગટ કરી. જૈન કાળચક્ર અનુસાર સુષ્મા દુષ્મા નામના ત્રીજા આરામાં જ્યારે કલ્પવૃક્ષનો પ્રભાવ ઘટવા લાગ્યો અને કળિયુગનો પ્રભાવ જણાવા લાગ્યો ત્યારે યુગલિકોને અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થવા લાગી. તે સમયે કોઈ પ્રકારના નિયમો, બંધારણો કે વ્યવસ્થા ન હતી. તેથી શું કરવું તેની સમજ તેઓમાં ન હોવાને લીધે જ્યારે જ્યારે પ્રશ્ન ઉભો થાય ત્યારે શું કરવું તે માટે રાજા પાસે દોડી આવતા.*

**પ્રથમ** *અધિકારમાં રાજાના ગુણો, રાજશિક્ષા મંત્રી, સેનાપતિ રાજકારભારી આદિની ચર્ચા કરવામાં આવી છે.* **દ્વિતીય** *અધિકારમાં યુદ્ધ તથા દંડનીતિનું વર્ણન કરવામાં આવ્યું છે. તૃતીય અધિકારમાં વ્યવહારની નીતિનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. આ અધિકાર સમગ્ર ગ્રંથનો ૨/૩ વિસ્તાર રોકે છે. જે સૌથી મોટો છે. માનવજીવન અને વ્યવહારની આંટીઘૂંટીને કારણે ઉદ્‌ભવતા અનેક પ્રશ્નોને અહીં ચર્ચવામાં આવ્યા છે. કુલ ૧૮ વ્યવહારોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાંથી આ અભ્યાસલેખમાં* **'દાયભાગ'** *નો વિચાર કરવામાં આવ્યો છે. છેલ્લા* **'ચતુર્થ** *અધિકારમાં અગાઉ ત્રણ નીતિમાર્ગનું આચરણ કરતાં કયાંય સ્પષ્ટતા થાય તો તેની શુદ્ધિ માટે તથા નિયમપાલનમાં પુનઃ દઢતા પ્રાપ્ત થાય તે માટે પ્રાયશ્ચિતનું વિધાન કર્યુ છે. આ લઘુ 'અર્હન્નીતિ' નામના લઘુગ્રંથને સમગ્ર રીતે જોતાં, તેમાં ધાર્મિક વિચાર પ્રાધાન્ય લાગે છે. ધાર્મિક વિચારોનું પ્રાધાન્ય હોવા છતાં મારી દષ્ટિએ* **'આ ગ્રંથ વિવિધ વિષયોને સ્પર્શતા કાયદાઓનો એક સંગ્રહ છે.'** *કાયદાની સંહિતા છે. તેમ છતાં કહી શકાય કે આ ગ્રંથમાં મુખ્ય બાબત* **'વ્યાવહારિક ધર્મ'** *છે. નાભિરાજના પુત્ર પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે નીતિમય જીવન જીવી શકાય તે માટે અને આત્મકલ્યણને માર્ગે આગળ વધી શકાય તેવા ઉદ્દેશથી આ નીતિશાસ્ત્ર ગ્રંથનું પ્રરૂપણ કર્યું. આ સમગ્ર નીતિશાસ્ત્ર ગ્રંથના ઉદ્‌ગાતા ઋષભદેવ છે અને તેમણે જ નીતિનો ઉપદેશ આપ્યો હોવાથી આ નીતિને* **'અર્હન્નીતિ'** *તરીકે વર્ણવવામાં આવે છે. ગ્રંથારંભે મંગલાચરણમાં પ્રથમ તથા છેલ્લા તીર્થંકરો (ઋષભદેવ અને મહાવીર સ્વામી) ને તેમજ ગ્રંથના મધ્યમાં બાકીના બાવીસ તીર્થંકરોને વંદન કરીને વિષયનું વિવેચન કર્યું છે.*

- **'(લઘુ) અર્હન્નીતિ' માં દાયભાગ (વારસો) :**

*પોતાનું સ્વકીયત્વ પ્રતિપાદન કરવું તેને 'દાય' કહેવાય છે.*[૪] **'દાયભાગ એટલે વારસો.'** *(માતા-પિતા-દાદા વગેરેએ વંશપરંપરાથી ઉપાર્જન કરેલી વસ્તુઓ ઉપર સ્વકીયત્વ પ્રતિપાદન કરવું.)*

**'દાયભાગ'** *(વારસો) પ્રકરણના આરંભે હેમચન્દ્રાચાર્ય, લક્ષ્મણાના પુત્ર ચન્દ્રપ્રભુની વંદના કરી* **'દાયભાગ'** *નું નિરૂપણ કરતાં કહે છે -* **'દાય બે પ્રકારનો છે. સપ્રતિબંધ** *અને* **અપ્રતિબંધક.'** *(અર્હન્નીતિ : ૩/૪/૨) દાયભાગ દ્રવ્ય બે પ્રકારનું હોય છે. સ્થાવર તથા જંગમ. ઘર, બાગ, બગીચા તથા ખેતર વગેરે જે સ્થિર વસ્તુ તે* **'સ્થાવરરૂપ'** *દ્રવ્ય અને સોનું-રૂપુ વગેરે જે પ્રયોગથી બીજી જગ્યાએ જઈ શકે એવી મિલકત* **'જંગમ'** *કહેવાય. સ્થાવર ધન લોકમાં પ્રતિષ્ઠાજનક કહેવાય છે. આપત્તિ આવ્યા સિવાય આ પ્રકારના દ્રવ્યને કદાપિ વહેંચવું કે વેચવું નહિ. સઘળા ધનનો સ્વામી પિતા કહેવાય.*

*પિતાના દ્રવ્યમાં પુત્રનો શો હક્ક છે તે સંદર્ભે કહે છે-* 'પિતા સઘળા ધનનો સ્વામી ખરો. પરંતુ, સ્થાવર મિલકતનો માલિક પિતા કે પિતામહ થતો નથી. દાદા હયાત હોય તો પિતાને સ્થાવર મિલકત આપવાનો વહેંચવાનો અધિકાર નથી. દાદા જો હયાત ન હોય તો પણ સ્થાવર મિલકત આપી દેવાની કે વહેંચવાની સત્તા નથી.' *(અર્હન્નીતિ : ૩/૪/૩-૭)*

'પિતાએ પોતે પેદા કરેલી સ્થાવર અને દ્વિપદરૂપ મિલકત ગર્ભમાં હોય કે ધાવણો હોય છતાં કોઈને આપી દે કે વેચી શકે નહિ. પુત્ર, બાળક હોય કે પ્રસૂત ન થયો હોય, અજ્ઞાન હોય તથા નિર્માલ્ય કે ખોડવાળો હોય પરંતુ, પિતાના દ્રવ્યમાં આજીવિકાને માટે તે હકદાર છે. પુત્રો, વ્યાપાર રોજગારમાં વળગેલા હોય ત્યારે માતા-પિતા જરૂરિયાત પૂરતું તે આપી શકે અથવા વેચાણ કરી શકે. અર્થાત્ ધર્મ, જ્ઞાતિ કે કુટુંબના કાર્ય માટે કે સંકટ દૂર કરવા માતા-પિતા સ્થાવર ધનનું દાન તથા વિક્રય કરી શકે. માતા-પિતા એવા શબ્દથી 'મોટાભાઈ' અર્થ પણ થઈ શકે. કદાચ ભાઈઓ ઉંમરમાં નાના હોય, અનુમતિ આપવાની ઉંમરને લાયક ન હોય તો આવશ્યક કાર્યમાં મોટો ભાઈ દાન વગેરે કરવા સમર્થ થઈ શકે. ' *(અર્હન્નીતિ : ૩/૪/૮-૧૦)*

'દાયભાગ' *નો વિચાર ક્યારે કરવો તે સંદર્ભે હેમચન્દ્રાચાર્ય પ્રકાશ પાડે છે* - 'પરસ્પર ભાઈઓમાં લોભ વગેરે કારણોથી કલેશ ઉત્પન્ન થાય ત્યારે ન્યાયાધીશોએ 'દાયભાગ'નો વિચાર કરવાનો છે.' *(અર્હન્નીતિ: ૩/૪/૧૩) પિતાના ધનમાં સર્વેનો હિસ્સો સરખો તે સંદર્ભે કહે છે* - 'માતા-પિતાના મૃત્યુ પછી તેમના દ્રવ્યમાં સઘળા પુત્રોનો ભાગ સરખો કહેલો છે. બંનેમાંથી એક જીવિત હોય તો ભાગની વહેંચણી તેઓની (માતા કે પિતા) ની મરજી ઉપર છે' *(અર્હન્નીતિઃ ૩/૪/૧૪) ભાગ પડયા હોય કે ન પડયા હોય તો પણ માતા-પિતાનું દેવું બધા પુત્રોએ સરખા હિસ્સે ચૂકવીને પછી જ દ્રવ્યના ભાગીદાર બનવું.' (અર્હન્નીતિ : ૩/૪/૧૫)*

*પિતાએ પાડેલા વિષય ભાગની પ્રમાણભૂતતા કે અપ્રમાણભૂતતા વિશે કહે છે* - 'જો ધર્મથી પિતા, પુત્રોને સમ-વિષમ ભાગ આપે તો તે પ્રમાણભૂત વહેંચણી ગણાય. પરંતુ, અધર્મથી તેમ આચરે તો તેનું કૃત્ય અપ્રમાણભૂત ગણાય.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૬) પિતાએ કરેલા કેવા ભાગ પ્રમાણભૂત ન ગણાય તે સંદર્ભે કહે છે* - 'વ્યગ્ર ચિત્તવાળો, અતિશય વૃદ્ધ, વ્યભિચારમાં આસકત થયેલો, જુગાર ઈત્યાદિ વ્યસનોમાં રાચેલો, મોટી વ્યાધિવાળો, ગાંડો, ક્રોધી, પક્ષપાતી તથા ધર્મરહિત પિતા ભાગ પાડવાનો અધિકારી ગણાતો નથી. *(અર્હન્નીતિ : ૩/૪/૧૭-૧૮)*

'મોટાભાઈના અધિકાર' *વિશે આચાર્યનું કહેવું છે* - 'નાના ભાઈઓ ઉંમર લાયક થયા ન હોય તો તેમની અનુમતિથી પિતા તરફથી તેમના ભાગમાં મળેલું ધન મોટોભાઈ સંઘરી રાખે અને તે ઉંમર લાયક થાય ત્યાં સુધી તેમનું પાલન-પોષણ કરે. મોટોભાઈ પિતાતુલ્ય નાનાભાઈનું પાલન કરે. નાના ભાઈઓ પણ પિતાની પેઠે મોટાભાઈની સેવા કરે.' (અર્હન્નીતિઃ ૩/૪/૨૦-૨૨)

'કન્યાના વિવાહ' *ના ખર્ચ સંદર્ભે કહે છે* - 'પિતાનું સઘળું ધન મોટાભાઈએ જ લેવું અને નાના ભાઈઓએ પિતાની પેઠે તેની આજ્ઞામાં રહીને ભાગલા પાડવા. પછી જન્મેલી બહેનનું લગ્નસંબંધી કાર્ય માતા - પિતાના મૃત્યુ પછી એક અથવા વધુ કન્યા કુંવારી હોય તો ભાઈઓએ પોતાના ભાગમાંથી ચોથો ભાગ આપી કન્યાઓને અવશ્ય સારી રીતે પરણાવવી.' કન્યાનો દાયમાં ભાગ છે કે નહિ તે શંકાનું સમાધાન કરતાં કહે છે કે 'પરણાવેલી કન્યાનો ભાગ ગણાતો નથી. પણ માતાપિતાએ વિવાહકાળે પ્રેમથી આપેલું કે નૈમિત્તિક દાન તે તેણીનું છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૨૪-૨૫)*

પિતાએ પોતાની 'સવર્ણા સ્ત્રીઓને' *ભાગ કેટલા પ્રમાણમાં આપવો તે વિશે કહે છે* - જે પ્રમાણે પોતાના પુત્રોના ભાગ પાડયા હોય તેટલા જ વિભાગથી પોતાની સ્ત્રીઓને પણ ભાગ આપવો. અર્થાત્ માતાનો અર્ધોભાગ કાઢી નાંખવો. કારણ કે પિતાના મૃત્યુ પછી માતાએ જ સઘળો વ્યવહાર સાચવવો પડે છે. તે માતા મૃત્યુ પામે પછી તે ધન બધા પુત્રો સરખે ભાગે વહેંચી લે.' *(અર્હન્નીતિ : ૩/૪/૨૬-૨૭)*

*જોડકાં બાળકોમાં પણ મોટો કોને કહેવો તે સંદર્ભે કહે છે -* **'બે પુત્રો જોડિયા ઉત્પન્ન થયા હોય તો તેમાં જે પહેલો પ્રસૂત થાય તેને મોટો જાણવો એવું જિનશાસ્ત્રમાં કહેલું છે. પુત્રી પ્રથમ જન્મી હોય તો પણ પુત્ર જ જયેષ્ઠ કહેવાય.'** *(અર્હન્નીતિ : ૩/૪/૨૮-૨૯)* **'જેને એક જ પુત્રી હોય અને બીજું કોઈ જ સંતાન ન હોય તો તેના ધનની માલિક તે પુત્રી અને પછી તે પુત્રીનો પુત્ર માલિક થાય.'** *(અર્હન્નીતિ : ૩/૪/૩૦)* **'પુત્ર-પુત્રી આત્મરૂપે સરખાં જ છે તેવું જણાવતાં કહે છે - પુત્રી- પુત્ર સરખાં છે તો પછી આત્મરૂપી પુત્રી હયાત હોય તો બીજો ધન શી રીતે લઈ શકે ?'** *(અર્હન્નીતિ : ૩/૪/૩૧) પરણેલી કન્યા જો માતાનું ધન લે તો પિતાનું બધું ધન દીકરીનો દીકરો પણ સુખેથી લે. પુત્રનો પુત્ર અને પુત્રીનો પુત્ર એ બેઉમાં કંઈ તફાવત નથી. કારણ કે તે બેઉના દેહમાં માતા-પિતાથી દેહનો સંબંધ સર્વથા પ્રકારે છે.' (અર્હન્નીતિ:૩/૪/૩૨-૩૩)*

**'પરણેલી પુત્રી મૃત્યુ પામે અને જો તેને સંતાન ન હોય તો તે સઘળા સ્ત્રીધનનો સ્વામી તે (કન્યા) નો પતિ થાય.'** *(અર્હન્નીતિ:૩/૪/૩૪)*

*પિતા, પુત્રોનો ભાગ વહેંચી નાંખે ત્યાર પછી પાછો પુત્રનો જન્મ થાય તો તે જન્મેલ પુત્ર પિતાના ધનમાં ભાગ મેળવી શકે. પરંતુ, પ્રથમ વહેંચાયેલા ભાઈઓના ધનમાંથી કંઈ ભાગ મળે નહિ. (અર્થાત્ જો વિભાગ પાડયા પહેલાં પુત્રનો જન્મ થયો હોય તો સર્વે ભાઈઓ સમાન ભાગ લેનારા થાય છે એવો અર્થ નીકળી શકે) (અર્હન્નીતિ : ૩/૪/૩૫) અને જો ભાઈઓને ભાગ વહેંચાઈ ગયા હોય અને પિતાના મૃત્યુ પછી સોદર (ભાઈ)નો જન્મ થાય તે આવક તથા ખર્ચનો હિસાબ કરી બધા ભાઈઓએ પોતપોતાના ભાગમાંથી તે નાનાભાઈને ભાગ કાઢી આપવો. (અર્હન્નીતિઃ ૩/૪/૩૬) (અર્થાત્ વહેંચણી સમયે માતા સગર્ભા છે એમ સ્પષ્ટ ન જાણવામાં આવ્યું હોય ત્યારે અને વિભાગ કાળે માતા સગર્ભા છે એમ સ્પષ્ટ જણાય તો પ્રસવની રાહ જોઈ પ્રસૂતિ થયા પછી ભાગ પાડવા તેવો અર્થ થાય.)*

*ચાર પ્રકાર (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર) ની સ્ત્રીઓથી ઉત્પન્ન થયેલા પુત્રોના ભાગ વિશે કહે છે -* **'જો બ્રાહ્મણને ચારેય વર્ણની સ્ત્રીઓ હોય અને તેમના પુત્રોને ભાગ વહેંચી આપવો હોય તો, કુલ મિલકતના દસ સરખા ભાગ કરવા. તેમાંથી બ્રાહ્મણ સ્ત્રીથી ઉત્પન્ન થયેલા પુત્રને ચાર ભાગ આપવા. ક્ષત્રિય પત્નીથી ઉત્પન્ન પુત્રને ત્રણભાગ, વૈશ્ય સ્ત્રીથી જન્મેલ પુત્રને બે ભાગ તેમજ દશમો ભાગ જે બાકી રહ્યો તે ધર્મ કાર્યમાં ખર્ચવો. શૂદ્ર સ્ત્રીથી જન્મેલ પુત્ર ભાગ ગ્રહણ કરવા યોગ્ય થતો નથી. માત્ર તેને અન્ન-વસ્ત્ર જ મળે.'** *(અર્હન્નીતિ : ૩/૪/૩૭-૩૮)*

*કોઈ પુરુષ સ્ત્રીવાળો હોય, પુત્ર હોય કે ન હોય. પરંતુ, ભયંકર વ્યાધિથી પીડાતો હોય અને પોતે જીવવાની આશા છોડી દીધી હોય તો પોતાના ધનનું રક્ષણ કરવા માટે અધિકારી નીમવો હોય તો કેવો નીમવો તે સંદર્ભે કહે છે -* **'કુળવાન, ધનવાન તથા આબરૂદાર અને પોતાની સ્ત્રીને અનુકૂળ થઈને ચાલનારો હોય તેવા પુરુષને (અધિકારીને), રાજાની આજ્ઞાવાળો, પોતાના નામનો લેખ સાક્ષીઓ કરાવીને સોંપવો, એક કરતાં વધુ પણ વહીવટદાર નીમી શકાય.'** *(અર્હન્નીતિઃ ૩/૪/૪૫-૪૬)* **'સ્વામીના મૃત્યુ પછી આ નીમેલ અધિકારી દ્રવ્યને ઉડાવી દે કે ખાઈ જાય અથવા મરનારની વિધવાને પ્રતિકૂળ થઈને ચાલે તો તુરંત જ તે મદોન્મત કૃતઘ્નીને રાજાની આજ્ઞા લઈ પદચ્યુત (વહીવટ અધિકારીથી દૂર) કરી પોતાને જેની ઉપર વિશ્વાસ બેસે તેવા અધિકારીને મરનારની વિધવાએ નીમવો તથા કુળની રીતિ પ્રમાણે વ્યવહાર ચલાવવો. તે વિધવાએ પોતાના સ્વામીએ પેદા કરેલા દ્રવ્યનું ઘણા પ્રયત્નથી રક્ષણ કરવું. તે એવી રીતે કે મૂડીના વ્યાજમાંથી કુટુંબનું પોષણ થયા કરે. તે વિધવાને સારો વિનયી ઔરસપુત્ર હોય કે દત્તક પુત્ર હોય અને ન હોય તો પણ જરૂર પડયે પોતાની મિલકત દાન, ગીરો તથા વેચાણ કરી શકે.'** *(અર્હન્નીતિ:૩/૪/૪૭-૫૧)*

*પતિના મૃત્યુ વગેરે થયા પછી 'સ્ત્રીના અધિકારી' વિશે કહે છે -* **'સ્વામી ભ્રષ્ટ-પતિત થયેલો હોય, નાસી ગયો હોય, ગાંડો થયો હોય, દીક્ષા લીધી હોય અગર મૃત્યુ પામ્યો હોય તો તેના સમસ્ત ધનની માલિક તેની પત્ની**

છે. સદકુળમાં ઉત્પન્ન થયેલી અને કુટુંબનું પાલન કરવામાં શકિતશાળી એવી મૃત્યુ પામનાર પુરુષની જયેષ્ઠ પત્ની પુત્રવાળી હોય, અગર પુત્ર વગરની હોય તો પણ સ્વામીની પેઠે જ તે દ્રવ્યની અધિકારિણી થાય છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૫૨-૫૩)* 'વિધવાને જો ઔરસ પુત્ર ન હોય તો ભત્રીજાને દત્તક લેવો. જો ભત્રીજો ન હોય તો પોતાના કુટુંબનો સંસ્કાર પામેલો અગર ન પામેલો પુત્ર લેવો. કુટુંબનો પણ ન હોય તો દીકરીના દીકરાને લેવો. તે પણ ન હોય તો ભાઈના દિકરાને લેવો. તેનો પણ અભાવ હોય તો ગોત્રમાં ઉત્પન્ન થયેલાને લેવો. તે પણ ન હોય તો નાનો સાત વર્ષની ઉંમરનો દિયર દત્તક લેવો. આમ, વિધવાએ શાસ્ત્રરીતિથી દત્તક ગ્રહણ કરી પંચની સાક્ષીએ સ્વામીના અધિકાર પર સ્થાપન કરવો. તે દત્તકપુત્ર પણ વિનયી થાય અને ભકિત ભાવથી પ્રીતિ વડે માતા-પિતાની સેવામાં તત્પર રહે તો સગા પુત્રની બરોબર થાય છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૫૪-૫૭)*

'દત્તકપુત્ર' *ને ગ્રહણ કરવાના વિધિ સંદર્ભે કહે છે* - 'કોઈ મનુષ્ય અથવા સ્ત્રી સંતતિ વિનાનાં હોય અને તેમને જો દત્તકપુત્ર લેવો હોય તો સ્ટેમ્પ કાગળ ઉપર બધું વર્ગની સાક્ષી સહિત પુત્રનાં માતા-પિતા વગેરેની પાસેથી દસ્તાવેજ કરાવી લેવો. ત્યાર પછી સારી રીતે કુટુંબીઓ તથા જ્ઞાતિજનોને સ્વગૃહે આદર-સત્કારથી બોલાવવાં. સૌભાગ્યવતી સ્ત્રીઓ પાસે મંગળગીતો ગવડાવવાં. વાજતે-ગાજતે મંગલાચારપૂર્વક મંદિરમાં જવું. પ્રભુજીના સાનિધ્યમાં એક સ્વસ્તિક દોરી જિન ભગવાનના મોં આગળ પોતાની શકિત મુજબ ભેટ મૂકવી. સદ્‌ગુરુને વંદના કરી સારાં દાન કર્યા પછી પોતાને ઘેર આવવું. જે સઘળાં લોકોને આ કાર્યમાં આમંત્રિત કર્યા હોય તે સર્વેને તાંબુલ તથા શ્રીફળ આપવાં. બહેનો ઈત્યાદિ સંબંધીઓને વસ્ત્રાલંકારોથી સંતોષવાં. કુલગુરુને બોલાવી જાતકર્મ સંસ્કાર કરાવવો. આ બધુ કાર્ય પૂરું થયા પછી લોકો એમ કહે કે 'આ આનો પુત્ર થયો.' ઉપરોકત બતાવ્યા મુજબની દત્તક સંબંધી વિધિ થયા પછી હાટ, પૃથ્વી, વાસ્તુગ્રામાદિક સર્વ કાર્યમાં તેમજ રાજકાર્યમાં પણ તેને અધિકાર પ્રાપ્ત થાય છે. *(અર્હન્નીતિ : ૩/૪/૫૮-૬૪)*

*દત્તક લીધા પછી ઔરસ પુત્રનો જન્મ થાય તો દત્તકના ભાગની યોગ્યતા વિશે કહે છે* - 'જો સવર્ણા એટલે પોતાની જાતિની પરિણીત સ્ત્રીમાંથી (દત્તક લીધા પછી) ઔરસપુત્ર ઉત્પન્ન થાય તો દત્તકને મિલકતને ચોથો ભાગ મળે. અસમાન જ્ઞાતિની સ્ત્રીથી પુત્રો ઉત્પન્ન થાય તો તે પુત્રો માત્ર અન્ન - વસ્ત્રના દાનને યોગ્ય છે.' *(અર્હન્નીતિ: ૩/૪/૫૯-૬૫) દત્તક પુત્ર ગ્રહણ કર્યા બાદ ઔરસપુત્ર જન્મ્યો હોય તો (પાટવીપણાની) પાઘડી બાંધવાની યોગ્યતા ઔરસપુત્રને જ હોય. દત્તકથી પાઘડી ન જ બંધાય. તેને મિલકતનો ચોથો ભાગ આપી જુદો રાખવો. જેણે પ્રથમથી જ પાટવીપણાની પાઘડી બાંધી હોય તે મિલકતમાં સરખો હિસ્સેદાર બને. (અર્હન્નીતિ:૩/૪/૬૬-૬૮)*

'પુત્રો' *કેટલા પ્રકારના અને તેમનાં લક્ષણ દર્શાવતાં કહે છે* - 'જીનશાસ્ત્રમાં પાંચ પ્રકારના પુત્ર ગણ્યા છે. તેમાં ઔરસ તથા દત્તક એ બે મુખ્ય અને વેચાથી લીધેલો (ક્રીત), સહોદર તથા દૌહિત્ર એ ત્રણ પુત્રો ગૌણ છે.' *(અર્હન્નીતિ:૩/૪/ ૬૮) ધર્મપત્નીથી ઉત્પન્ન થયેલો તે* **'ઔરસ'** *કહેવાય. કુટુંબમાં ઉત્પન્ન થયેલો પુત્ર તેનાં માતા-પિતાએ ખુશીથી આપ્યો હોય તે* **'દત્તકપુત્ર,'** *મૂલ્ય આપીને વેચાથી લીધેલો તે* **'ક્રીત'** *પુત્ર, નાનો ભાઈ તે* **'સોદર'** *અને દીકરીનો દીકરો તે સૌત (દૌહિત્ર). આ પાંચ પ્રકારના પુત્રો દાય (વારસા) ના હિસ્સેદાર થાય છે. પૌનર્ભવ, કાનીન, પ્રચ્છન્ન, ક્ષેત્રજ, કૃત્રિમ, અપવિધ્ધ, દત્ત તથા સહોઢજ એ* **'આઠ'** *પ્રકારના પુત્રો અન્ય માર્ગીઓએ સ્વાર્થ સિદ્ધિને માટે કલ્પ્યા છે. પરંતુ, જૈનશાસ્ત્રમાં તે* **'દાયભાગ'***ના અધિકારી થતા નથી.' (અર્હન્નીતિ : ૩/૪/૬૯-૭૨)*

'પતિના મૃત્યુ પછી' *ધનના સ્વામીપણા ઉપર પ્રકાશ ફેંકતાં કહે છે* - 'સ્વામીના મૃત્યુ પછી તેની પત્ની (સ્ત્રી) ધનની માલિક ગણાય. તે પછી પુત્ર અને જો પુત્ર પણ ન હોય તો સપિંડ ભાઈઓ અને તે પણ ન હોય તો ગોત્રજ (ગોત્રમાં પેદા થયેલો) તેમ એક પછી એકના અભાવમાં ધનના માલિક થઈ શકે. સંબંધી વર્ગમાં કોઈ ન હોય તો જ્ઞાતિના પુરુષો માલિક થાય. છેવટે કોઈ ન હોય તો રાજાએ તે ધન લઈ ધર્મ માર્ગે ખર્ચ કરી તે ધનને સફળ કરવું.' *(અર્હન્નતિ: ૩/૪/૭૩-૭૪)*

'મૃત્યુ પામનાર પુરુષની વિધવા સ્ત્રી ધનની માલિક થયા પછી પોતાના દિયર- જેઠથી પ્રતિકૂળ ચાલે, અગર નઠારા આચરણવાળી નીવડે તો તેનો અન્નાદિ વગેરેનો બંદોબસ્ત કરી જેઠ, દિયર તથા પુત્રોએ તેણીને ઘરમાંથી કાઢવી અને આ રીતે અધિકાર ખૂંચવી લીધા બાદ થોડા વખતમાં સુધરી જાય તો તે સ્ત્રી પોતાનો અધિકાર પુનઃ પ્રાપ્ત કરી શકે છે.' *(અર્હન્નીતિ: ૩/૪/૭૫)* 'સાધુ વૃત્તિવાળી સુશીલા અને પ્રજા વગરની સ્ત્રીઓનું પોષણ કરવું જોઈએ અને નઠારાં આચરણવાળી વ્યભિચારિણી, પ્રતિકૂલા સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકવી.' *(અર્હન્નીતિ : ૩/૪/૭૬)* 'સંતાન વગરની વિધવા, ભૂત-પિશાચાદિની પીડાથી વિક્ષિપ્ત ચિત્તવાળી અગર ભયંકર રોગથી પીડિત અથવા વાયુ ઈત્યાદિ રોગથી દૂષિત અંગવાળી, મૂંગી, આંધળી, બોબડી, મદમાં અંધ બનેલી, વિસ્મરણવાળી વિધવા કુટુંબનું તથા પોતાના ધનનું રક્ષણ કરવા અસમર્થ હોય છે તો તેવી સ્ત્રીનું જેઠ તથા દિયરોએ પોષણ કરવું. તેમને અભાવે ઉત્તરોત્તર ભત્રીજા, સપિંડો, બંધુવર્ગ, ગોત્રીઓ તથા જ્ઞાતિલાઓએ તેમના ધનનું સારી રીતે રક્ષણ કરવું.' (અભાવ અર્થાત્ પ્રથમ ન હોય તો બીજાએ એવો અર્થ લેવો.) (અર્હન્નીતિ : ૩/૪/૭૭-૭૯)

*સંતતિ વિનાની વિધવાનું ધન ગ્રહણ કરવાનો અધિકાર તેનાં પિયરિયાંઓને છે કે નહિ તે સંદર્ભે કહે છે -* 'જે ધન કન્યાને દાનમાં અપાયું હોય અને જે જમાઈના કુળમાંથી આપ્યું હોય તે ધન વિધવાના પિતાના કુળમાં ઉત્પન્ન થયેલાંઓએ કોઈએ લેવું નહિ. જો તે વિધવાનું તેનાં સાસરિયાઓમાંથી કોઈ કદાપિ રક્ષણ કરી શકે તેમ ન હોય તો તે વિધવાનું તથા તેના ધનનું પિયરિયાંઓએ રક્ષણ કરવું. અને તે વિધવાના મૃત્યુ પછી તે ધનનો ધર્મમાર્ગે ઉપયોગ કરવો.' *(અર્હન્નીતિ : ૩/૪/૮૦-૮૧)*

*પિતાના મૃત્યુ પછી માતા હયાત હોય તો તે ધનમાં પુત્રના અધિકાર સંદર્ભે કહે છે -* 'ઔરસ અથવા દત્તકાદિ પુત્રોએ પોતાના વિધાભ્યાસમાં બરોબર સાવધાન રહેવું. માતા પ્રત્યે ભકિત રાખવી, શાન્ત, સત્યવાદી તથા જિતેન્દ્રિય, પુરુષાર્થી અને વ્યસન રહિત થવું. કુળ પરંપરાથી ચાલી આવતી સદ્‌રીતિ મુજબ વર્તવું. (માતાની આજ્ઞા સિવાય તે પુત્રને ) તેને કંઈ પણ વિશેષ કરવાનો અધિકાર નથી.' (અર્હન્નીતિઃ ૩/૪/૮૨-૮૩)' માતા-પિતા બેઉ હયાત હોય તો વડીલોએ ઉપાર્જિત કરેલ ધન-સંપત્તિનું પુત્રો સર્વથા પ્રકારે વેચાણ કે દાન કરી શકે નહીં.' *(અર્હન્નીતિઃ ૩/૪/૮૪)*

'ઔરસ' *તથા* 'દત્તક' *પુત્ર નઠારા કર્મયોગથી માતા-પિતાની પ્રતિકૂળ ચાલનારો બને, જ્ઞાતિધર્મના આચાર થકી ભ્રષ્ટ થાય અથવા નઠારા વ્યસનમાં પડે, અને તેવા આચરણને લીધે સારાં વાકયોથી માતા-પિતા દ્વારા ઉપદેશ અપાય, તેમ છતાં જો તે પોતાની પાપબુદ્ધિનો ત્યાગ ન કરે, તો તેના આ નઠારા આચરણ સંબંધી સઘળી હકીકત જ્ઞાતિને તથા રાજયના અધિકારીને જાહેર કરી તેમની આજ્ઞા લઈને તે સર્વેએ તેને બહાર કાઢી મૂકવો. આવા હકાલપટ્ટી કરેલા પુત્રની અરજી કયારેય કોઈએ સાંભળવી નહીં અને કાઢી મૂકેલા પુત્રની જગ્યાએ બીજા કોઈ સારા કુળમાં ઉત્પન્ન થયેલા બાળકને પુત્ર તરીકે સ્થાપન કરવો. એ અવશ્ય સમજવું કે ચારેય વર્ણ માટે સંતતિ, સુખને અર્થે કહેલી છે. (અર્હન્નીતિઃ ૩/૪/૮૫-૮૮)*

'ધનની વહેંચણી ન થઈ હોય અને તેવા સમયમાં એક ભાઈ દીક્ષા લે તો ધન વહેંચતી વખતે દીક્ષા લેનાર ભાઈનો ભાગ તેની પત્ની લેવાને હકદાર બને છે. જો તેની પત્ની મૃત્યુ પામી હોય અને તેનો દીકરો હોય તો તે દીકરો તે ભાગ લેવાનો હકદાર બને છે. દીક્ષા લેનાર ભાઈ કે મૃત્યુ પામનાર ભાઈને સ્ત્રી કે સંતાન ન હોય તો તે ધન બધા ભાઈઓએ અથવા ભાઈના પુત્રોએ સરખે ભાગે વહેંચી લેવું.' *(અર્હન્નીતિઃ ૩/૪/૮૯-૯૦)*

*બધા ભાઈઓમાંથી કોઈ એક ગાંડપણ ઈત્યાદિ દોષવાળો હોય તો પણ શું તે ભાગ મેળવવા યોગ્ય છે ? તે સંદર્ભે કહે છે -* 'ગાંડો, વ્યાધિવાળો, પાંગળો, નપુંસક, અંધ, વટલાયેલો, મૂર્ખ, ખોડ-ખાંપણવાળો, પિતા સાથે વેર કરનારો, આપઘાત કરવાને તૈયાર થયેલો, બહેરો, મૂંગો, મા સાથે દ્વેષ કરનારો, મહાક્રોધી તથા ઈન્દ્રિયો વગરનો આવા દોષોને લીધે તે પિતાના ધનમાં ભાગ મેળવવાને લાયક નથી. અન્ય ભાઈઓએ ભેગા મળી આવા ભાઈનું પોષણ કરવું. પરંતુ, આવા દોષયુકત ભાઈની પત્ની કે પુત્ર સારી સ્થિતિમાં હોય તો તે તેનો ભાગ લઈ શકે.

ઉપર્યુકત દોષમાંથી જો તે ભાઈ મુકત થાય ત્યારે તેને ભાગ મળવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.' *(અર્હન્નીતિ: ૩/૪/૯૧-૯૩)*

'પરણાવ્યા પછી પણ જો દત્તક પુત્ર માતા-પિતાની સામે થાય અથવા માતા-પિતાની આજ્ઞાથી અવળો ચાલે તો માણસની સાક્ષી રાખી, રાજાની આજ્ઞાપૂર્વક તેને ઘરમાંથી કાઢી મૂકવો.' *(અર્હન્નીતિ : ૩/૪/૯૪)*

'વડીલ પિતાએ પેદા કરેલું ધન પોતાની પત્ની, પુત્રો તથા ભ્રાતૃગણને પૂછયા સિવાય કોઈને પણ આપી દેવાનો હક્ક નથી. પિતામહે (વડવાએ) પેદા કરેલ દ્રવ્ય, જાગીર તથા પૃથ્વીમાં (જમીનમાં) પિતાનો તથા પુત્રનો સમાન હક્ક એટલે કે સ્વામીપણું કહેલું છે.' (અર્હન્નીતિ : ૩/૪/૯૫-૯૬) 'કોઈ પુરુષની ઘણી પત્નીઓમાંથી એક પત્ની પુત્રવાળી હોય તો તેની બધી જ સ્ત્રીઓ પુત્રવાળી ગણાય છે. વગર પુત્રવાળી તે પુરુષની બધી પત્નીઓમાંથી જે મરણ પામે તેનું ધન તે પુત્ર જ લઈ શકે. કારણ કે અપવાદ માત્ર એટલો છે કે પુત્ર વગરની સ્ત્રીઓને પુત્રી પણ ન હોય તો જ બધી જ માતાઓના ધનનો સ્વામી થઈ શકે.' *(અર્હન્નીતિ:૩/૪/૯૭)*

'વડવાના ધનમાં પૌત્રોના ભાગ સંદર્ભે કહે છે- 'વડવાના ધનમાંથી પિતૃ સંખ્યા પ્રમાણે ધનનો ભાગ મળે. અર્થાત્ વડવાને જેટલા પુત્ર હોય તેમાંથી પોતાના બાપનો જે ભાગ આવ્યો હોય તેમાંથી સરખે હિસ્સે તેમને મળે અને બાપના દ્રવ્યમાંથી તો પોતે જેટલા ભાઈઓની સંખ્યા હોય તેટલા પ્રમાણમાં સરખો હિસ્સો મળે.' *(અર્હન્નીતિ : ૩/૪/૯૮)*

'ઘણા સગાભાઈઓમાંથી કોઈ એક જ ભાઈ પુત્રવાળો હોય અને બીજા ભાઈઓને પુત્ર ન હોય તો તે એક ભાઈના પુત્ર વડે બધા ભાઈઓ પુત્રવાળા ગણાય છે. તેથી બધા ભાઈઓના ધનનો સ્વામી તે એક જ બને છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૯૯)*

'વહેંચણી થયેલ ન હોય તેવું વંશપરંપરાથી ચાલ્યું આવેલું ધન હોય તેમાં સાસુની હયાતીમાં પુત્રની વહુનો તે મિલ્કતમાં શો અધિકાર બને તે સંદર્ભે કહે છે- 'સસરાનું ધન તેના પતિ અર્થાત્ સસરાના પુત્રની સંમતિ લીધા સિવાય તેણીની પોતાના કાર્યમાં વાપરી શકે નહી. ધનની વહેંચણી થયા પછી જ તે ધર્માદિ કાર્યમાં ઈચ્છા મુજબ ખર્ચ કરી શકે છે. પોતાના સ્વામીના મૃત્યુ પછી તે મૂડીમાંથી ખર્ચ કરી શકે નહિ. માત્ર પોતાનો નિર્વાહ તેના વ્યાજમાંથી કરી લે. મૂળ ધન ઉપર સઘળો અધિકાર તે મરનારના પુત્રનો જ છે. તથા પિતા-માતાની આજ્ઞા લીધા વિના તેમાંથી ખર્ચ કરવાને તે શકિતમાન થતો નથી. તે પુત્ર પણ મૃત્યુ પામે તો તેની વિધવા સ્ત્રી અર્થાત્ પુત્રવધૂ તે ધનની સ્વામીની બની શકે. જો કે સારાં આચરણવાળી હોય, સાસુની આજ્ઞામાં રહેતી હોય, સ્વધર્મમાં સતત તત્પર રહેતી હોય, કુટુંબનું પાલન કરવાને શકિતમાન હોય, કુટુંબ - વર્ગ અને લાગતાં-વળગતાં સર્વેને અનુકૂળ હોય, સ્વામીના મૃત્યુ પછી પણ તેની જ શય્યાને સેવતી હોય તેવાં આચરણવાળી પુત્રવધૂ પોતાની સાસુ તથા પુત્રની પાસેથી વિનયથી માથું નમાવીને યાચના કરે. પરંતુ, તો પણ સાસુને પૂછયા સિવાય સ્વામીના ધનનો સ્વતંત્રપણે કદાપિ વ્યય ન કરી શકે. વહેંચણી થઈ ગયા પછી તે સર્વ ધન પર ખર્ચ કરવા અધિકારી બને છે.' *(અર્હન્નીતિ: ૩/૪/૧૦૦-૧૦૬)* 'અને જો તે વિધવા ઉપરોકત દર્શાવેલા ગુણવાળી ન હોય તો સાસુના જીવતા છતાં સસરાએ મૂકેલા ધનમાં તેણીને અન્ન કે કપડાં સિવાય બીજો કોઈ અધિકાર નથી. સાસુ પોતાની ઈચ્છાથી ઘરનું જે કામ સોંપે તે બધું તે વિધવા પુત્રવધુએ કરવું. કારણ કે સાસુને મા સમાન કહેલી છે. પોતાની મા અને સ્ત્રી બેઉ હયાત હોય અને પુત્ર ન હોય તો તેવા પુરુષના મૃત્યુ પછી તેની મિલક્ત માટે સાસુ તથા વહુ બેમાંથી વિધવા પુત્રવધૂ પોતાના પતિની પેઠે પુત્ર દત્તક લઈ શકે. સાસુ પોતાના સ્વામીના પદ પર દત્તક (પુત્ર)નું સ્થાપન કરી શકે નહિ.' (અર્હન્નીતિ : ૩/૪/૧૦૭-૧૦૯)

'સાસુ - સસરાના હાથમાં ગયેલું પોતાના સ્વામીનું ધન વિધવા પુત્રવધુ મેળવી શકે નહિ. તેના સ્વામીએ જીવતાં જ તેને આપ્યું હોય તેની જ તે અધિકારી બની શકે. મા-દિકરાના વિરુદ્ધ સ્વભાવને લઈને મરનાર પુરુષ પોતાના પુત્ર તથા સ્ત્રીને ધન વહેંચી આપી, જુદા રાખી મૃત્યુ પામે ત્યાર પછી તે મરનારનો પુત્ર વગર સંતાને મૃત્યુ પામે તો તેના ધનનો ભાગ તેની પત્ની (પુત્રવધૂ) ને મળે. પછીથી પુત્રવધૂ મૃત્યુ પામે, તો તે ધનનો અધિકાર સાસુને મળે. '*(અર્હન્નીતિ : ૩/૪/૧૧૦-૧૧૧)*

*પતિએ મેળવેલા ધનને સાસુ હયાત છતાં વહુ ખર્ચ કરી શકે કે નહિ તે સંદર્ભે કહે છે* - 'વિનયી, કુટુંબને વહાલી તથા વખાણવા યોગ્ય વિધવા પુત્રવધૂ સ્વામીએ મેળવેલી સ્થાવર તથા જંગમ મિલકતને દેવયાત્રા, પ્રતિષ્ઠા, ધર્મકાર્યમાં તથા સગાં-સહોદરના કાર્યમાં સાસુની હયાતી સુધી વાપરી શકે, અન્યથા ન વાપરી શકે.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૧૨-૧૧૩)*

'કોઈક પુત્ર વગરની વિધવા, પુત્રી પરના પ્રેમને લીધે દત્તક લીધા સિવાય મૃત્યુ પામે ત્યારે તેના ધનની માલિક તેની પુત્રી થાય. તે પુત્રી પણ મૃત્યુ પામે તો તે દ્રવ્યનો સ્વામી તે પુત્રીનો પતિ (જમાઈ) થાય. તેનો સ્વામી મૃત્યુ પામે ત્યારે તેના પુત્રાદિને તે મિલકત મળે. પરંતુ, તે સ્ત્રીના પિતૃપક્ષીઓને તેમાં કશો અધિકાર મળે નહિ જમાઈ, ભાણેજ તથા સાસુ પરગોત્રને લીધે તે દ્રવ્યમાં ભાગ મેળવી શકતાં નથી.' *(અર્હન્નીતિ: ૩/૪/૧૧૪-૧૧૭)*

'જે સાધારણ દ્રવ્ય છે તે કોઈ ભાઈ છાનું (છૂપું) રાખે તો તેને પોતાનો ભાગ પણ ન મળે. ઉલટો રાજદંડને લાયક થાય.' (અર્હન્નીતિ : ૩/૪/૧૧૮) 'સોદર એટલે કે સગાભાઈઓ સાતેય વ્યસનમાં પૂરા હોય તો તેમને ભાગ મળી શકે નહિ અને ધર્મભ્રષ્ટતાને લીધે સજ્જ પુરુષોએ તેઓને દંડવા જોઈએ.' (અર્હન્નીતિ : ૩/૪/૧૧૯) જો કોઈક સંતાન વિનાની વિધવાએ પુત્ર દત્તક લીધો હોય અને તેને મિલકતનો અધિકાર આપ્યા પછી તે દત્તક પરણ્યા વિના મૃત્યુ પામે તો તેની જગ્યાએ બીજો દત્તક સ્થાપન કરવા માટે તે વિધવા શકિતશાળી થતી નથી. તેવા સમયે તે વિધવાએ જમાઈ, ભાણેજ, દીકરી અથવા જ્ઞાતિ ભોજન અથવા હરકોઈ ધર્મકાર્યમાં જયાં તેની મરજી થાય ત્યાં તેણીએ પોતાના દ્રવ્યનો વ્યય કરવો.' *(અર્હન્નીતિ:૩/૪/૧૨૦-૧૨૨)*

'વિધવાએ પોતાના સ્વામીના પદ પર દત્તકપુત્ર સ્થાપન કરવો. પરંતુ, પોતાના પુત્રની જગ્યાએ દત્તક પુત્ર સ્થાપન કરવાનો અધિકાર જિનશાસ્ત્રમાં નથી.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૨૩)* 'વિધવા જો જુદી થયેલી (મિલકત વહેંચાઈ ગઈ હોય) હોય તો પોતાની ઈચ્છા મુજબ પોતાનું ધન તે વાપરી શકે. તેને કોઈ હિસ્સેદાર અટકાવી શકે નહી. પુત્ર ન હોય અને ભેગી રહેતી હોય તેમ છતાં જરૂરિયાત આવી પડતાં તે પોતાની મિલકતનું વેચાણ ગીરો તથા દાન કરવાને શકિતમાન છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૨૪-૧૨૫)*

'કોઈ મનુષ્ય કન્યાનું વાગ્દાન-વિવાહ કરીને ધનના લોભથી તે કન્યાને તે બીજી જગ્યાએ (પરણાવે) આપે તો તે મનુષ્યને રાજા દંડ કરે અને દંડની રકમ વરને જે ખર્ચ થયો હોય તેને પેટે અપાવે. વિવાહિત કન્યા મૃત્યુ પામે તો પરસ્પર ખર્ચનો હિસાબ કરી વર તરફનું જે ધન, લેણું નીકળે તેને પાછું આપવું અને કન્યાના માતા-પિતાએ જે ધન કન્યાને આપ્યું હોય તે ધન કન્યાના ભાઈઓએ લેવું.' *(અર્હન્નીતિ:૩/૪/૧૨૬-૧૨૭)*

'ભાઈઓમાં વહેંચણી થાય તે વખતે જો કોઈ ભાઈ કંઈ છુપાવે તો તેનો નિર્ણય લેખિત - ફારગતિ, બંધુવર્ગની સાક્ષી તથા પરસ્પર ભિન્ન - ભિન્ન વ્યવહાર પરથી કરી લેવો. કારણ કે જયાં સુધી વહેંચણી ન થઈ હોય ત્યાં સુધી બધા ભાઈઓનો વ્યવહાર ભેગો જ હોય છે. પછી જ તેમનો વ્યવહાર પૃથક્ - પૃથક્ થાય છે.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૨૮-૧૨૯)*

'ભાઈઓએ ભાઈની વિધવા સ્ત્રીને અર્થાત્ પોતાની ભોંજાઈને ભાઈની પેઠે જ માનવી અને તેની મરજી મુજબ તેના પુત્રને તેઓએ ભાઈના સ્થાને સ્થાપવો.' *(અર્હન્નીતિ : ૩/૪/૧૩૦)*

*જેના ભાગ ન પડી શકે તેવા ધનનું સ્વરૂપ વર્ણવતાં કહે છે* - 'જે કંઈ આભૂષણાદિક માતા-પિતાએ તેમની સ્ત્રીઓને પહેરવા આપ્યું હોય તે હંમેશાં તેનું માલિકીનું જ થાય છે. તે વહેંચણીમાં ગણાતું નથી. પિતાના દ્રવ્યનો નાશ કર્યા સિવાય અને ભાઈઓની સહાયતા વિના કુળપરંપરાથી ચાલ્યું આવેલું હરણ થયેલું દ્રવ્ય, પિતાએ પણ જેનો ઉદ્ધાર ન કર્યો હોય તેનો ઉદ્ધાર કરી આણેલું એવું, વિદ્યાબળે પોતે સંપાદન કરેલું, વિવાહમાં મળેલું, મિત્ર તરફથી બક્ષિસમાં મળેલું, શૌર્ય (બળ) થી અથવા સેવા - ચાકરી કરી મેળવેલું આટલા પ્રકારના ધનમાં ભાઈઓ ભાગ માંગી શકે નહિ.' *(અર્હન્નીતિ: ૩/૪/૧૩૧-૧૩૪) આ સંદર્ભે યાજ્ઞવલ્કયજીનું પણ આ જ વિધાન છે. - (યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ : ૨/૮/૧૧૮-૧૧૯)*

હવે, વહેંચી ન શકાય તેવા **'સ્રીધન'** વિશે કહે છે - 'લગ્ન સમયે અથવા પછીથી માતા-પિતા, ભાઈઓ, કાકાઓ, વડીઆઈ, ફોઈ, માસી તથા બીજા કોઈ અને કન્યાનો પતિ એટલાંએ જે વસ્ત્ર, ઘરેણાં તથા પાત્રાદિક કન્યાને આપ્યાં હોય તે બધું જ **'સ્રીનું ધન'** કહેવાય. તે **'સ્રીધન'** અનેક પ્રકારનું છે. છતાં, તેના ટૂંકમાં પાંચ ભાગ પાડયા છે. **૧.** વિવાહ સમયે માતા-પિતાએ અગ્નિ તથા બ્રાહ્મણોની સમક્ષ ધન અથવા ઘરેણાં વગેરે કન્યાને આપ્યાં હોય તે **'અધ્યગ્નિકૃત'** સ્ત્રીધન કહેવાય. **૨.** ફરીથી માતા - પિતાને ઘરેથી ભાઈઓની સાક્ષીએ જે ઘરેણાંદિક તથા કન્યા લાવે તે **'અધ્યાહ્યનિક'** સ્રી ધન કહેવાય. **૩.** છોકરાની વહુનું મોઢું જોતાં તથા પગે પડતાં સાસુ-સસરાએ જે ધન વહુને પ્રીતીથી આપ્યું હોય તે **'પ્રીતિજ'** સ્રીધન કહેવાય. **૪.** પરણ્યા પછી ફરીથી પિતાના ઘરથી ભાઈ તરફથી તેણીને જે સોનું તથા રત્ન વગેરે મળ્યાં હોય તે **'ઔદયિક'** સ્રીધન કહેવાય. **૫.** ચોરીમાં વરકન્યા ફેરા ફરે છે તે ટાણે કોઈ દંપતિએ અથવા કુળની સ્રીઓએ રત્ન વસ્ત્રાદિક જે કંઈ આપ્યું હોય તે 'અન્વાધેય' સ્રીધન જાણવું.' (અર્હન્નીતિ : ૩/૪/૧૩૫-૧૪૧)

ઉપરોક્ત **'સ્રીધન'** સર્વથા પ્રકારે કોઈપણ લઈ શકે નહિ. કારણ કે સઘળા નીતિશાસ્રકારોએ તે ધન ભાગાનર્હ અર્થાત્ વહેંચવાને યોગ્ય ગણ્યું નથી. કોઈક પતિએ પોતાની પત્નીને કોઈ દાગીનો પહેરવા આપ્યો હોય તો તે દાગીનો પતિના મૃત્યુ પછી કોઈપણ ગ્રહણ કરી શકે નહિ. કારણ કે તેનો **'સ્રીધન'** માં જ સમાવેશ થાય છે. **'સ્ત્રીધન'** ને તેનો પતિ એવી સ્થિતિમાં લઈ શકે કે કોઈ મોટો વ્યાધિ થયો હોય, ધર્મકાર્ય આવી પડયું હોય, આપત્તિ આવી પડી હોય, કેદમાં જવું પડયું હોય તેવા સમયે બીજો કોઈ માર્ગ ન રહેતાં 'સ્રીધન' લઈને પાછું આપવાની ફરજ નથી. અર્થાત્ ન આપે તો ચાલે.' (અર્હન્નીતિ : ૩/૪/૧૪૨-૧૪૫)

આચાર્ય હેમચન્દ્રાચાર્યજીએ અહીં **'દાયભાગ'** (વારસો) ટૂંકમાં વર્ણવ્યો છે. વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ **'બૃહદર્હન્નીતિ'** શાસ્રમાંથી જાણી લેવું તેવું કહ્યું છે. (અર્હન્નીતિ : ૩/૪/૧૪૬)

ભારતીય સંસ્કૃતિમાં કાયદો અને લોકવ્યવહાર, 'ધર્મ', ઉપર આધારિત હતો. ઈશ્વરથી ડરનારો માણસ ધર્માનુરાગી બને છે અને ધર્મમય આચરણ કરનાર આપોઆપ જ દેશના કાયદાને માન આપનાર હોય છે. ભારતીય પ્રજા હંમેશાં કાયદાના શાસનમાં માનતી આવી છે. કાયદાને માન આપનારી પ્રજા સંસ્કારી હોય છે. ભારતીય પરંપરામાં નીતિનું ઘણું જ મહત્વ છે. નીતિશાસ્રના અનેક ગ્રંથો હિન્દુ ધર્મમાં લખાયા છે. જેવા કે મનુસ્મૃતિ, ચાણક્યનીતિશાસ્ર, વિદૂરનીતિશાસ્ર, શુક્રનીતિશાસ્ર, ગૌતમસ્મૃતિ, પરાશરસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ, વસિષ્ઠસ્મૃતિ, બોધાયનસ્મૃતિ, નારદસ્મૃતિ, વ્યવહાર- મયૂખ વગેરે ગ્રંથો રાજકારણના આધારરૂપ ગ્રંથો હતા. જે ગ્રંથો હિન્દુ કાયદાઓથી ભરપૂર છે. આ બધા ગ્રન્થો હિન્દુ કાયદાઓનું ઉદ્ભવ સ્થાન ગણાય છે. જૈન ધર્મ પણ અત્યન્ત પ્રાચીન છે. વૈદિકકાળમાં જ તેની સ્થાપના થઈ ગઈ હતી.વૈદિક સાહિત્યમાં જૈન તીર્થંકરોનો ઉલ્લેખ જોવા મળે છે. ઋગ્વેદમાં જૈન ધર્મના સંસ્થાપક **'ઋષભદેવ'** નો પ્રસંગ જોવા મળે છે.[૫] તેમજ જૈનધર્મના બાવીસમા તીર્થંકર **'અરિષ્ટનેમિ'**નો પણ ઉલ્લેખ જોવા મળે છે.[૬] જૈન સાહિત્યના મૂળ ધાર્મિક ગ્રન્થ ૧૨ અંગ, ૧૧ ઉપાંગ, ૧૦ પૈન્ન, ૪ મૂળસુત, ૧ નન્દીસુત તથા ૭ છાયસુપ્ત છે. જૈન સાહિત્યમાં મહાવીરના શિષ્યોની રચનાઓ તથા તેના પછી લખાયેલા ગ્રંથ પણ છે. તેમાં **'આચારરંગ'** સૂત્ર અને **'ઉત્તરાધ્યાય'** સૂત્ર મહત્ત્વપૂર્ણ છે. આ બે ગ્રંથોમાં રાજનીતિ, તથા આચાર-શાસ્ર સંબંધીનું વર્ણન છે. પછીના ગ્રંથોમાં જિનસેનકૃત **'આદિપુરાણ,'** સોમદેવનું **'નીતિવાકયામૃત'** તથા હેમચન્દ્રજીનું **'લધ્વરર્હનીતિ'** મુખ્ય છે. આ ગ્રન્થો ૯મીથી ૧૧મી સદીની મધ્યમાં લખાયા છે. ગ્રંથો હિન્દુધર્મના હોય કે જૈનધર્મના હોય આ બધા જ ગ્રંથોનું મુખ્ય કર્તવ્ય કે ઉપદેશ, જીવનમાં નીતિનો સ્વીકાર અને વ્યવહારમાં નીતિના આચરણ દ્વારા સુદૃઢ સમાજ અને ઉત્તમ રાષ્ટ્રનું નિર્માણ કરવું તે છે. જૈન ધર્મ

આમ તો ભારતીય પરંપરાની જ એકધારા છે. જે શ્રમણ પરંપરા તરીકે સુપ્રસિદ્ધ છે. શ્રમણ પરંપરાનો મુખ્ય આશય નિવૃત્તિ હોવાથી તપ અને ત્યાગની જ ચર્ચા તેમાં મઉશ્વશ રહી છે. નીતિ અને વ્યવહાર ગૌણ રહ્યાં છે.

**'લઘુઅર્હન્નીતિ'** માં હેમચન્દ્રાચાર્યે પાંચ પ્રકારના (ઔરસ, દત્તક, ક્રીત, સહોદર તથા સૌત કે દૌહિત્ર) પુત્રોને જ સંપત્તિમાં અધિકારી રહ્યા છે. તેમાંય ઔરસ તથા દત્તક ને જ મુખ્ય કહ્યા છે. જયારે બાકીના ત્રણને ગૌણ કહ્યા છે. (અર્હન્નીતિ:૩/૪/૬૮) જારપણા (વ્યભિચાર) થી ઉત્પન્ન થવા વગેરે દોષને લઈ બાકીના ત્રણ પુત્રોને દાયના અધિકારી ગણ્યા નથી. જયારે (હિન્દુશાસ્ત્રોમાં) આઠ પ્રકારના પુત્રોને ધનમાં ભાગ લેનારા માન્યા છે.જેવા કે પૌનર્ભવ, અન્યમાર્ગીઓ, પ્રછન્ન, ક્ષેત્રજ, કૃત્રિમ, અપવિધ્ધ, દત્ત, સહોઢજ, કાનીન. (અર્હન્નીતિ:૩/૪/૬૯-૭૨)

મનુસ્મૃતિકારે **'બાર'** પ્રકારના પુત્રો કહ્યા છે. જેમાં છ પ્રકારના પુત્ર **'દાયાદ'** (જેમા **'ઔરસ'** અને **'ક્ષેત્રજ'** પિતૃધનના અધિકારી છે.) અને **'બાન્ધવ'**[૭] (જે માત્ર તિલોદકાદિ અર્થાત શ્રાધ્ધ તર્પણના અધિકારી છે.) (મનુસ્મૃતિ : ૯/૧૬૫) ઔરસ, ક્ષેત્રજ, દત્તક, કૃત્રિમ ગૂઢોત્પન્ન (પ્રચ્છન્ન) તથા અપવિધ્ધ આ છ પ્રકારના પુત્રો **'દાયાદ'** અને કાનીન (કન્યાપુત્ર), સહોઢ, ક્રીત, પૌનર્ભવ (વિધવા પુત્ર), સ્વયંદત્ત તથા શૌદ્ર (શૂદ્રાપુત્ર) આ છ પ્રકારના **'બાન્ધવ'** પ્રકારના પુત્રો છે.[૮] મનુસ્મૃતિકારે વિશેષપણે આ બધા પુત્રોનાં લક્ષણો પણ આપ્યાં છે. (મનુસ્મૃતિ : ૯/૧૬૫-૧૭૫)

કૌટિલ્યે પણ પોતાના **'અર્થશાસ્ત્ર'** ગ્રન્થમાં 'દસ' પ્રકારના પુત્રોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં **'ઔરસ, ક્ષેત્રજ, ગૂઢજ, અપવિધ્ધ, કાનીન, સહોઢ, પૌનર્ભવ, ઉપગત, કૃતક અને ક્રીત'** નો સમાવેશ થાય છે.[૯] યાજ્ઞવલ્કયે પણ 'બાર' પ્રકારના પુત્રોનો ઉલ્લેખ કરી તેમની પ્રકૃતિ અને સ્થિતિનું વિસ્તૃત વિવેચન કર્યું છે.[૧૦]

કૌટિલ્યે દાયભાગ વિશે કહ્યું છે- **'જે પુત્રોનાં મા-બાપ અગર પૂર્વજો (પિતૃઓ) હોય તેઓ અનીશ્વરો અર્થાત્ સ્વત્વહીન ગણાય છે. અર્થાત્ માતા-પિતા કે પિતૃઓ પોતાના મૃત્યુ પછી જ વારસાને વહેંચે છે. મરનારનું દ્રવ્ય મૃતકના પુત્રો વચ્ચે માથાદીઠ વહેંચવામાં આવે છે. જો પિતા જીવતા હોય તો એ પ્રમાણે વહેંચણી કરવામાં કોઈ પુત્રને વધુ (કે ઓછો) ભાગ આપી શકશે નહિ. સરખે ભાગે વહેંચણી કરવી. પડશે.'**[૧૧] વારસાની વહેંચણી પરત્વે જે દેશમાં, જે જાતિમાં, જે સંઘમાં કે જે ગામમાં, જે રિવાજ પ્રવર્તતો હોય તે રિવાજને અનુસરીને વારસદારોએ પોતપોતાનો હિસ્સો લેવાનો છે. (કૌ.અ.:૩/૭/૬૦)

યાજ્ઞવલ્કયનું તો **'દાયભાગ'** સંદર્ભે કહેવું છે કે માતા - પિતાના મૃત્યુ પછી જ ધન-સંપત્તિની વહેંચણી થવી જોઈએ અને જો પિતા ઈચ્છે તો પોતાના જીવતાં જ પોતાનું ધન પુત્રોને વહેંચણી કરીને આપી શકે.[૧૨]

**'અર્હન્નીતિ'** ગ્રંથમાં કહ્યું છે - **'જૈનોએ જે બે મુખ્ય (ઔરસ, દત્તક) અને ત્રણ ગૌણ (ક્રીત, સહોદર, સૌત) એમ કુલ પાંચ પ્રકારના પુત્રોમાં પૌનર્ભવ પુત્રને ધનમાં ભાગ લેનાર ગણ્યો નથી. કારણ કે 'પૌર્નભવ' પુત્ર પતિના મૃત્યુ પછી વિધવાના બીજા પુરુષ સાથેના સંબંધથી ઉત્પન્ન થાય છે. તેથી જ પૌનર્ભવનો તિરસ્કાર કરી તેના કારણભૂત વિધવા પુર્નલગ્નનો પણ નિષેધ કર્યો હોય, એમ સ્પષ્ટપણે જણાય છે. જૈનધર્મની ઉચ્ચભાવના (ક્ષીદ્દ્ર) યોગીરૂપે છે. તે કામવિકારની વૃદ્ધિ થાય તેવા માર્ગ દર્શાવે જ નહિ. પરંતુ, કેટલેક અંશે જોઈએ તો જૈનધર્મ વિધવા પુર્નલગ્નનો નિષેધ કરે છે. જૈન ધર્મ મુજબ કયારેક વિધવા પુર્નલગ્નનો નિષેધ અને પતિના મૃત્યુ પછી વિધવાએ કેવી રીતે વર્તવું તે જોતાં સ્ત્રીની દયનીય સ્થિતિનો ચિતાર મળે છે. વિધવાએ સાસુની મરજી મુજબ કે સાસુ કામ સોંપે તે પ્રમાણે કરવું. સાસુના જીવતાં વિધવાને સસરાના ધનમાં અન્ન-કપડાં સિવાય બીજો કોઈ અધિકાર નહી. સ્વામીએ જીવતાં જ તેને જે આપ્યું તેની જ માત્ર તે અધિકારી, સાસુ-સસરાના હાથમાં ગયેલું સ્વામીનું ધન વિધવા પુત્રવધૂ મેળવી શકે નહિ. (અર્હન્નીતિ : ૩/૪/૧૦૦-૧૦૧) પરંતુ, વિધવા જુદી થયેલી હોય તો પોતાની સંપત્તિ વાપરી શકે અને જો ભેગી રહેતી હોય, પણ જરૂરિયાત આવી પડતાં મિલ્કતનું વેચાણ, ગીરો કે દાન પણ કરવા**

**તેણીની શકિતમાન છે.'** (અર્હન્નીતિઃ ૩/૪/૧૨૪-૧૨૫) આ જોતાં એમ લાગે કે વિધવા પુત્રવધૂ સ્વચ્છંદી ન બની જાય તે હેતુથી કદાચ આ નિયમ કરવામાં આવ્યા હોય.

પતિના મૃત્યુ પછી પ્રથમ હક્ક સ્ત્રી (પત્ની) નો અને પછી પુત્રનો છે. (અર્હન્નીતિઃ ૩/૪/૭૩-૭૪) તેમજ વિધવા સંબંધી કરેલ હક્કોના પ્રતિપાદન પરથી જણાય છે કે જૈનો સ્ત્રીઓને તુચ્છ ન ગણતાં ઉચ્ચ પદ આપે છે. કારણ કે આત્માની અપેક્ષાએ સ્ત્રી-પુરુષ રૂપ સરખાં છે. (અર્હન્નીતિ : ૩/૪/૩૧) **'અર્હન્નીતિ'** માં આચાર્ય હેમચન્દ્રે **'સ્ત્રીધન'** પાંચ પ્રકારનું કહ્યું છે. (૩/૪/૧૪૨-૧૪૫) **'મનુસ્મૃતિકારે'** સ્ત્રીધન છ પ્રકારનું કહ્યું છે.[૧૩]

હિન્દુ કાયદો મુખ્યત્વે ધર્મશાસ્ત્રો અને તેના પરની ટીકાઓ અને વિવેચનો (Commentries) માંથી થયેલો છે. આમ, ધર્મશાસ્ત્રોમાં કાયદાને એક શાખા ગણીને તેનું વિવચેન કરવામાં આવ્યું છે. આ મહાનગ્રંથોમાં રાજનીતિ, વારસો, દત્તક વિધાન, ધિરાણ, વ્યાજ, મિલકતની વહેંચણી વગેરે અનેક બાબતોને સ્પર્શતા કાયદાઓ આલેખાયેલા પડયા છે. આઝાદી પછી ભારત સરકારે હિન્દુઓના કેટલાક લિખિત- અલિખિત કાયદાઓ પાર્લામેન્ટમાં પસાર કરાવી તેને સંહિતાકરણ (codified) કર્યા છે. નવા codified કાયદાઓમાં પણ આદ્યગ્રન્થોનું તત્વ મહદંશે જાળવી રખાયું છે. એટલું જ નહિ, નવા બનાવાયેલા હિન્દુ કાયદામાં કાંઈક અસંદિગ્ધતા જણાય ત્યારે અદાલતો મૂળ ગ્રંથોનો આધાર લઈને ચૂકાદા આપે છે, એવા ઘણા કિસ્સાઓ નોંધાય છે. મહાન કાયદાશાસ્ત્રીઓ પણ આ **'અર્હન્નીતિ'** ગ્રંથને આધારભૂત ગણે છે.

**'દાયભાગ'** (વારસા) ને કાયદાની ભાષામાં કહેવો હોય તો 'કોઈ વ્યકિતનું અવસાન થવાથી અન્ય વ્યકિતને મિલકતનું સંક્રમણ (devolution of property) થાય ત્યારે તે વ્યકિતને **'વારસો'** મળ્યો કહેવાય. કોઈ વ્યકિતને વારસો મળ્યો છે, એમ ત્યારે કહેવાય કે જ્યારે કોઈના અવસાનથી તેને મિલકત પસાર થયેલી હોય. આ રીતે કોઈને મિકલત પસાર થાય ત્યારે તેને **'વારસો'** (succession) મળેલ છે તેમ કહેવાય. પરંતુ, કાયદાના અમલના કારણે કોઈ વ્યકિતને મિલકત પસાર થાય ત્યારે તેને 'વારસો' મળ્યો છે, તેમ કહેવાય નહીં. જ્યારે કોઈ કાયદામાં **'વારસો'** (succession) શબ્દનો ઉલ્લેખ આવેલ હોય ત્યારે તેમાં (Hindu Succession Act) ૧૯૫૬ માં **'વારસા'** શબ્દમાં ઉત્તરજીવિત્વનો સિદ્ધાંત સમાવિષ્ટ છે. કારણ કે આ કાયદામાં કોઈ હિંદુ (સ્ત્રી કે પુરુષ) નું અવસાન થતાં ઉત્તરજીવિત્વના સિદ્ધાંત મુજબ જ મિલકત વારસામાં પસાર થવાની જોગવાઈ છે. જો કે નવા સુધારાથી આ સિદ્ધાંત નાબૂદ કરાયો છે. (હિન્દુ વારસાધારો-૧૯૫૬, પૃ.૩૮) જ્યાં સુધી વર્ગ-૧નો કોઈ પણ એક વારસદાર હયાત હોય ત્યાં સુધી ગુજરનારની મિલકત તેને વારસામાં મળે છે.(હિન્દુ વારસાધારો ૧૯૫૬, કલમ-૮ મુજબ) (હિન્દુ વારસાધારો, ૧૯૫૬, પૃ.૪૧)

**(લઘુ)'અર્હન્નીતિ'** ગ્રન્થની કેટલીક બાબતો જોઈએ તો જે પ્રવર્તમાન હિન્દુ કાયદાઓમાં નજરે પડે છે. 'સ્ત્રીધન' બાબતે જોઈએ તો હિન્દુ વારસધારો-૧૯૫૬ની કલમ ૧૪ હેઠળ હિન્દુસ્ત્રીની મિલકત તેની સંપૂર્ણ મિલકત ગણાશે. (Property of a Female Hindu to be her Absolute Property) આ કાયદો અમલમાં આવ્યો તે અગાઉ હિન્દુ સ્ત્રીની મિલકત બે પ્રકારની હતી. હિન્દુ સ્ત્રી **'સ્ત્રીધન'** નો પોતાની ઈચ્છા મુજબ નિકાલ (ખર્ચ) કરી શકતી હતી. જો કે તેની ઉપર કેટલાંક નિયંત્રણો હતાં **'સ્ત્રીસંપતિ'** (Women estate) તરીકે ઓળખાતી મિલકત ઉપર સ્ત્રીને મર્યાદિત અધિકાર હતો.

(Illegitmate son) **'અનૌરસ'** પુત્રો બાબતે જોઈએ તો ભારતીય વારસાધારો (Indian Succession Act ) ૧૯૨૫ હેઠળ અનૌરસ બાળકો વારસો મેળવવા લાયક ઠરતા નથી. તે કાયદા હેઠળ કાયદેસર લગ્નથી જન્મેલ એટલે કે ઔરસ બાળકોનો જ સમાવેશ થાય છે. હિન્દુ વારસાધારો ૧૯૫૬ની કલમ (૩) કલોઝ (જે) માં

**'ઔરસ'** અને **'અનૌરસ'** બાળકો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કહ્યો છે. (હિન્દુ વારસા ધારો -૧૯૫૬, પૃ.૧૦) હિન્દુ વારસાધારો ૧૯૫૬, કલમ-૮ હેઠળ તે વારસામાં હકદાર બનતા નથી. **'અર્હન્નીતિ'** માં પણ ઔરસપુત્રને વારસામાં હકદાર કહ્યો છે.

વિધવાને વારસાની બાબતમાં **(લઘુ)'અર્હન્નીતિ'** માં જે વિચારો જોવા મળે છે તે અહીં, હિન્દુવારસાધારો ૧૯૫૬માં આવ્યા બાદ કોઈ વિધવાને પોતાના ગુજરનાર પતિની મિલકત વારસામાં પ્રાપ્ત થયેલ હોય તો કલમ ૧૪ (૧) ની રૂએ તેણીની આવી મિલકતની પૂર્ણ માલિક બને છે. આવી હિન્દુ વિધવા જો પુર્નલગ્ન કરે તો તેણી સદર મિલકત પરનો પોતાનો અધિકાર ગુમાવતી નથી કે તેણીનું હિત જપ્ત થતું નથી. (જો કે જૈન શાસ્ત્રોમાં તો વિધવા પુર્નલગ્નનો નિષેધ જ જોવા મળે છે.)

પુત્રી પરિણીત હોય કે અપરિણીત પુત્રીઓ વચ્ચે કોઈ અગ્રતા (Priority)હોતી નથી. પિતાએ લગ્ન વખતે તેણીને જે બક્ષિસ આપેલ હોય તો પણ **'હિન્દુવારસાધારો ૧૯૫૬ની કલમ-૧૪ હેઠળ તેણીની હિસ્સા માટે હકદારછે.'** (અર્થાત્ અહીં, પરિણીત પુત્રી પણ વારસાઈ હક્કની હકદાર બને છે.)

જૂના હિન્દુ કાયદા મુજબ પિતાના મૃત્યુ પછી તેની સંપત્તિની માલિકી હક્કમાં પ્રથમ હક્ક પુત્રને મળે છે અને પછી માતાનો છે. જ્યારે, આ ગ્રંથમાં સ્વામીના મૃત્યુ પછી પત્નીને ધનની માલિક કહી છે. અને પત્ની ન હોય તો જ પુત્ર માલિક બને છે. (અર્હન્નીતિ : ૩/૪/૭૪-૭૫) અર્થાત્ જૈનધર્મ સ્ત્રીઓને વિશેષપણે રક્ષે છે તેવું કહી શકાય.

**'દત્તક'** વિશે **'અર્હન્નીતિ'** માં જે વિધાન કરવામાં આવ્યું છે – **'પુત્ર દત્તક લેવો હોય તો સ્ટેમ્પ કાગળ ઉપર બંધુવર્ગની સાક્ષી વગેરે તેમજ પુત્રનાં માતા-પિતાની પાસેથી દસ્તાવેજ કરાવી લેવો. (અર્હન્નીતિઃ ૩/૪/૫૮-૬૪) તે બાબતે આધુનિક કાયદાઓમાં પણ તે પ્રકારની જોગવાઈઓ જોવા મળે છે. કાયદેસર દત્તક વિધાનની શરતો હિન્દુ વારસાધારો ૧૯૫૬ની કલમ ૬ અને ૧૧માં જોવા મળે છે. કલમ-૧૬માં 'દત્તક વિધાન' સંબંધે દસ્તાવેજોની માહિતી છે કે જેમાં દત્તક વિધાનની નોંધ હોવાનું ફલિત થતું હોય છે.'**

**'વિધવા પુર્નલગ્ન'** સંબંધે જૈન ધર્મમાં તો નિષેધ છે જ. છતાં પણ હિન્દુધર્મ મુજબ જોઈએ તો તે આ સંદર્ભે કાયદો છે. વિધવાએ પુર્નલગ્ન કર્યા પહેલાં વારસાની વહેંચણી થાય તો તેણી હિન્દુવારસાધારો ૧૯૫૬ કલમ-૨૪ હેઠળ વારસા માટે હક્કદાર બને છે અને જો વહેંચણી થઈ ગયા પછી તે વિધવા પુર્નલગ્ન કરે તો તેને મળેલા વારસામાંથી ભાગ પાછો લઈ શકાય નહીં. વારસાની વહેંચણીની તારીખે તેણીએ પુર્નલગ્ન કરેલ હોય તો તે હકદાર બનતી નથી.

ઉપરોક્ત કાયદાના ઉદાહરણોથી સ્પષ્ટ થાય જ છે કે આવા મહાન ગ્રંથોનો આધાર લઈને જ કાયદાઓ રચાયા છે અને વિશિષ્ટ કેસોમાં તો આવા મહાન ગ્રંથોનો આધાર લઈને ચૂકાદાઓ પણ અપાય છે. આવા પ્રકારનો એક **'દાયભાગ'** નામનો ગ્રંથ છે જે **'વારસા'** ની ચર્ચા કરતો ગ્રંથ છે. જે કેટલીક સ્મૃતિઓના સંગ્રહરૂપ ઈ.સ. ૧૩૧૦ થી ૧૫૦૦ ના ગાળા દરમિયાન લખાયેલો છે. જેના લેખક કિશ્રીતરકાલકાર છે. હિન્દુ લૉ ના લેખક બાબુ જોગેશચન્દ્ર ઘોષ જેઓ બંગાળના સુપ્રસિદ્ધ કાયદાશાસ્ત્રી અને ટાગોર લૉ કોલેજના લેકચરર હતા. તેમણે પણ આ **(લઘુ)'અર્હન્નીતિ'** ગ્રંથને વિશ્વસનીય ગ્રંથ માન્યો છે.

આચાર્યશ્રી હેમચન્દ્રનો જન્મ વિ.સં.૧૧૪૫માં અને તેમનો સ્વર્ગવાસ વિ.સં. ૧૨૨૯ માં થયો હતો. આજથી લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે લખાયેલા આ નાનકડા ગ્રંથમાં અનેક પ્રકારની કાયદા કાનૂનની જોગવાઈઓ દર્શાવી છે. આ ગ્રંથ **'દિવાની'** તથા **'ફોજદારી'** એમ બંને પ્રકારના કાયદાઓનો સંગ્રહ છે. આ ગ્રન્થનું સમગ્રતયા મૂલ્યાંકન કરીએ તો આ ગ્રંથનીતિ, ધર્મ, વ્યવહાર, આચાર તથા કાયદા કાનૂનથી સભર છે. ઝીણામાં ઝીણી

*બાબતો વિશે કાનૂની જોગવાઈ કરતા આ ગ્રંથને કાયદાશાસ્ત્રીઓએ જરૂર વાંચવો જોઈએ. આ ગ્રંથ, આચાર્યશ્રીની પ્રજ્ઞાનાં દર્શન કરાવે છે. તેઓ એક શ્રેષ્ઠ કાયદાશાસ્ત્રી પણ હતા એમ, આ ગ્રંથ ઉપરથી ફલિત થાય છે.*

**पादटीप**

१. •कुमारपालक्ष्मापालाग्रहेण पूर्वनिर्मितात् ।
अर्हन्नीत्यभिधात् शास्त्रात् सारमुद्धत्य किंचन ॥ ६ ॥
२. •भूप प्रजाहितार्थं हि शीध्र स्मृति विधायकम् ।
लध्वर्हन्नीतिसच्छास्त्र सुखबोधं करोम्यहम् ॥ ७ ॥ लधुअर्हन्नीतिः १/६-७
२. यदुक्तं बृहदर्हन्नीतौ -
•रागाउरेण दिण्णं जं दाणं मुक्खधम्मकज्जस्स ।
तस्स य मरणे वि सुओ जुग्गो च्चियं तं घणं दातुं ॥
'(लघु) अर्हन्नीति' : ३ /देय प्रकरण, પદ્ય ૯ પછીનું પદ્ય
•पइ मरणे तज्भज्जा दव्वस्साहि वा भवणेणूणं ।
पूूद्रास्स य सब्भावे तहय अहावेवि विसाविहवा ॥ १ ॥
•जेइ सा होइ सुसीला गुणढावस्स रायकरणिज्जे ।
विक्कय दाणादियं कुज्जा न हु कोवि पडिबंधो ॥ २ ॥
'(लघु) अर्हन्नीति': ३ / दायभाग /१२५ ब्ग्रद्गरुग्रग्रह्ल ग्रिह्ल ब्ग्रह
३. 'इत्याचार्य श्रीहेमचन्द्रविरचिूद्गो चौलूक्यवंशभूषण परमार्हत कुमारपालभूपाल शुश्रूषिते लध्वर्हन्नीतिशास्त्रे लौकिक प्रायश्चित विधिवर्णनो नाम चतुर्थोडधिकार ॥'
ना ચારેય અધિકારના અંતે આવતી પુષ્પિકાઓ
४. •स्वस्वंत्वापादनं दाय : । - लघु अर्हन्नीति : ३/४/२
५. •ऋग्वेद : १० / १६६ / १
६. •ऋग्वेद : १/ १८०/१०,१०/ १७८/१
७. •मनुस्मृति : ९ / १५९-१६०
८. •मनुस्मृति : ९ / १५९- १६०
९. •स्वयंजातः कृतक्रियायामौरसः। सगोत्रेणान्यगोत्रेण वा नियुक्तेन क्षेत्रजातः क्षेत्रजः पुत्रः । तत्सधर्मा बन्धूनां गृहे गूढजातस्तु गूढजः । बन्धु नोत्सृष्टोडपविद्धः संस्कर्तुः पुत्रः । कन्यागर्भः कानीनंः । सगर्भोढायाः सहोढः । पुनर्भूतायाः पौनर्भवः । स्वयं बन्धुभिर्वा पुत्रभावोपगत उपगतः पुत्रत्वेडधिकृतः कृतकः । परिक्रीतः क्रीत इति।
- कौटिल्य अर्थशास्त्रम् - ३/७-६०
१०. याज्ञवल्कय स्मृति : २/८/१२८-१३१
११. कौटिलीय अर्थशास्त्रम् : ३/४/६०
१२. याज्ञवल्कय स्मृति : २/८/११७
१३. अध्यगन्यध्यावाहनिकं दूद्गां च प्रीतिकर्मणि ।
भ्रातृमातृपितृप्राहश्वत षड्विधं स्त्रीधन स्मृतम् ॥ मनुस्मृति : ९/१९४

**संदर्भग्रन्था :**


१. '(लघु) अर्हन्नीति' : हेमचन्द्राचार्यप्रणीत, भाषान्तरकर्ता : *મણીલાલ નથુભાઈ દોશી*
*પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ વિ.સં.૨૦૬૩, સંવત -૨૫૩૩*
२. ऋग्वेद संहिता : वेदमूर्ति तपोनिष्ठ पं.श्रीराम शर्मा आचार्य प्रकाशक: ब्रह्मवर्चस्, शान्तिकुज्ज, हरिद्वार, आवृद्वि-
तृतीय-१९९६
३. मनुस्मृति : सम्पादक : हरगोविन्दशास्त्री, प्रकाशक: (मणिप्रभा टीका) चौखम्बा विधाभवन, १९७९
४. याज्ञवल्कय स्मृति : श्रीमधोगीश्वर महर्षि याज्ञवल्क्य प्रणीता (विज्ञानेश्वर प्रणीत मिताक्षरा और प्रकाश हिन्दी व्यारव्यासहित), व्यारव्याकार : डॉ. रमेशचन्द्र पाण्डेय, प्रकाशक : चौखम्बा संस्कृत संस्थान वाराणसी, संस्करणं सहश्वतम् वि.सं.२०६०
५. कौटिलीय अर्थशास्त्रम् : (*અનુવાદક : જ.પુ.જોષીપુરા)*
*સંપાદક : ડૉ. ગૌતમ પટેલ, પ્રકાશક : સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.*
*આવૃત્તિ : પ્રથમ -૨૦૦૬.*
*૬. હિન્દુ વારસા ધારો - ૧૯૫૬, સંપાદક : અશ્વિન ન. કારીઆ, પ્રકાશક : શ્રી સંતરામ પબ્લિકેશન, નડિયાદ, આવૃત્તિ*
*: પ્રથમ, મૂલ્ય - ૧૪૦ રૂા.*
*૭. હિન્દુ કાયદાના સિદ્ધાંતો : લેખક : પ્રિ. એ.એન.કારીઆ, પ્રકાશક : સી. જમનાદાસ કંપની, શાહીબાગ રોડ, અમદાવાદ, આવૃત્તિ : સાતમી, ૨૦૦૧*